જીંદગી સંગત

'આદત સે મજબૂર' એવો કટાક્ષ વ્યસનો ઉપરાંત જુગાર, સટ્ટો, અસુરક્ષિત ફોકસ માટે પણ થાય છેઃ

ઝાડને બાથ ભરીને ઊભેલો માણસ કહે છે કે 'આ ઝાડ મને છોડતું નથી'...એવું જ વ્યસની કરે છે...ખરૂ ને...?

કોઈપણ પ્રકારનું વ્યસન બરબાદી જ નોતરે છે, તે સૌ કોઈ જાણે છે, તેમ છતાં વ્યસન છૂટી જ શકતું નથી, અને વ્યસનને છોડવાના પ્રયાસો કરવા છતાં કેટલાક સમયમાં ફરી ચાલુ થઈ જાય છે, અને તેનું કારણ એવું આપવામાં આવતું હોય છે કે વ્યસન બંધ કર્યા પછી તેની આડઅસરો થઈ હતી. કોઈ કહે છે કે વ્યસન છોડ્યા પછી મગજ બરાબર

કામ કરતું નહોતું, તો કોઈ એવું પણ કહે છે કે વ્યસન બંધ કર્યા પછી રોજીંદી પ્રક્રિયાઓ ખોરવાઈ જતી હતી, અને કેટલીક શારીરિક સમસ્યાઓ પણ ઊભી થતી હતી. કોઈ વળી વ્યસન છોડ્યા પછી શારીરિક અને માનસિક બન્ને પ્રકારની તકલીફો ઊભી થઈ હોવાનું જણાવે છે, તો કોઈ વ્યસનનો પ્રકાર બદલીને 'બકરૂ કાઢીને ઊંટને આમંત્રણ આપવા' જેવી 'વચલા' માર્ગ કાઢતા હોય છે. એક સર્વ સામાન્ય દલીલ એવી પણ થતી રહેતી હોય છે કે, લાંબા સમયનું વ્યસન ત્યજવું એ મુશ્કેલ જ નહીં, અસંભવ છે!

હકીકતમાં વ્યસન નહીં છૂટવું, એ માનસિક સમસ્યા જ છે. વ્યસન મનને નબળું બનાવે છે, તેથી જ વ્યસન છોડવા માટે દૃઢ મનોબળ અને અડગ નિર્ધાર કરવો જરૂરી હોય છે.'મન હોય તો માળવે જવાય'ના હાર્દને સમજીને મનને અત્યંત મજબૂત બનાવવું પડે અને દૃઢ મનોબળની સાથે અક્કર પ્રાણ લઈને વ્યસન છોડવાનો સતત પ્રયાસ કરવો જોઈએ. જ્યાં સુધી સફળતા ન મળે, ત્યાં સુધી સતત પ્રયત્નો કરતા રહેવા જોઈએ. વ્યસન છૂટી જ શકે છે, તે નિર્વિવાદ હકીકત છે. જુનું વ્યસન છોડવું અત્યંત અઘરૂ છે, પરંતુ અશક્ય તો નથી જ હો...

જે લોકો એવું કહેતા હોય કે વ્યસન છોડવું અશક્ય છે. ઘણાં પ્રયાસો કર્યા, પરંતુ સફળતા મળી જ નહીં. વ્યસન છોડતા જ પેટની તકલીફ થવા લાગી. કુદરતી પ્રક્રિયાઓ ખરોવાઈ ગઈ, ખોરાક, નિંદ્રા, કુદરતી હાજત સહિતના શેડ્યુલ જ વિખેરાઈ ગયા. ખાવાનું પચતું નથી, મગજ તો સુન્ન જ થઈ જાય છે અને શરીર પર જાણે નિયંત્રણ જ રહેતું નથી. નિરાસાજનક અને નકારાત્મક વિચારો આવે છે અને ક્યાંય ગમતું જ નથી. રાત્રે ઊંઘ આવતી નથી અને શરીરમાં જાણે કૌવત જ ન હોય તેવી નબળાઈ આવી જાય છે. ક્યારેક આંખે અંધારા આવે છે, તો ક્યારેક 'ઘૂમ' એટલે કે ચક્કર જેવું આવે છે. કેટલાક લોકો અપચો, ગેસ્ટ્રોલાઝ, વોમિટીંગ અને ઠેકેક-બોડીયોકની ફરિયાદ પણ કરતા હોય છે.

વ્યસન છોડવાના પ્રયાસોના પ્રારંભે આ તમામ પ્રકારની અનુભૂતિઓ થતી જ હોય છે, તે તદ્દન સાચી વાત છે, પરંતુ આ અનુભૂતિઓ માત્ર ને માત્ર માનસિક જ હોય છે. એમ પણ કહી શકાય કે આ પ્રકારની અનુભૂતિઓ માનસિક ભ્રમનું જ પરિણામ હોય છે. આને અર્ધસત્ય પણ ગણાવી શકાય. આ પ્રકારની અનુભૂતિઓને ભ્રમણા કહો, અર્ધસત્ય કહો કે નક્કર હકીકત ગણો, તો પણ તેમાંથી છૂટવું તદ્દન અસંભવ જ છે, તેમ માનવું પણ ભૂલભરેલુ છે. આપણી વચ્ચે જ એવા ઘણાં દૃષ્ટાંતો પણ જોવા મળશે. જેઓએ દાયકાઓ જૂનું બીડીનું બંધાણ છોડી દીધું હોય, વર્ષોથી તમાકુનું સેવન કરતા હોય અને દૃઢ માનસિકતા સાથે તમાકુને તિલાંજલિ આપી દીધી હોય, કે પછી શરાબનું કે ધૂમ્રપાનનું જુનું વ્યસન ત્યાગી દીધું હોય!

વ્યસનો છોડવાની બાબતમાં આપણાં મનને અનુકૂળ હોય તેવા દૃષ્ટાંતો સાંભળવા આપણને ગમે છે. વ્યસનોને જસ્ટીફાય કરવા માટે આપણે એમ પણ કહીએ છીએ કે તમાકુ ખાતા હોય કે દારૂ પીતા હોય કે પછી અન્ય કોઈપણ પ્રકારનો નશો કરતા હોય તેને કેન્સર થાય જ છે, તેવું ક્યાં છે? ઘણાં લોકો ૮૦-૯૦ વર્ષની ઉંમરે પણ બીડી પીતા હોય છે, ઘણાં લોકો મૃત્યુપર્યંત તમાકુનું સેવન કરવા છતાં તંદુરસ્ત રહ્યા છે, કે પછી ઘણાં લોકો આજીવન શરાબનું સેવન કરવા છતાં તંદુરસ્ત રહ્યા હોવાના તર્કો આપણે રોજ-બ-રોજ સાંભળતા પણ હોઈએ છીએ અને આ પૈકીના કેટલાક અભિપ્રાયો સાથે આપણે સહમત પણ હોઈએ છીએ, ખરૂ કે નહીં?

'મન હોય તો માળવે જવાય... નાયનારીનું આંગણું વાંકું' અથવા 'મન હોય તો માળવે જવાય... નાયવું નહીં તેનું આંગણું વાંકું' જેવી કહેવતો આ પ્રકારની દલીલ-તર્કોનો છેદ ઉડાવે છે, રાઈટ?

ઘણાં લોકો એવું કહેતા સંભળાય છે કે એક વિખ્યાત સંત તો સાદગીભર્યું જીવન જીવ્યા હતાં અને જીવનપર્યંત કોઈપણ વ્યસન નહોતું, તેમ છતાં તેને પણ કેન્સર

થયું હતું, તેથી કેન્સર તમાકુ ખાવાથી થઈ જ જાય, તેવી માન્યતા ખોટી છે. આ પ્રકારે તો આપણે આપણી જાતને જ છેતરતા હોઈએ છીએ અને ખતરનાક વ્યસનોને જસ્ટીફાય કરવાના પ્રયાસો કરતા હોઈએ છીએ. તમાકુના સેવનથી દરેક વ્યક્તિને કેન્સર થઈ જ જાય, તેવું ન હોય, તો પણ તમાકુના કારણે કેન્સર થતા સંખ્યાબંધ લોકોના મૃત્યુ થાય છે અને ઘણાં ઘર બરબાદ થઈ જાય છે, તે નક્કર હકીકત છે, તે ભૂલવું ન જોઈએ.

વ્યસનોના કારણે તમામ વ્યસનીઓને સોએસો ટકા કેન્સર થઈ જ જાય, તેવું નહીં હોવા છતાં દરવર્ષે આ જ કારણે થતા મૃત્યુ અને તેના કારણે થતી બરબાદીના આંકડા જોતા એમ થાય છે કે ભ્રમમાં રહેવા જેવું નથી... ખરૂંને?

આ વાસ્તવિકતા જાણીને આપણે સૌએ એવો ભ્રમ મનમાંથી કાઢી નાંખવો જોઈએ કે વ્યસનો છોડી જ શકતા નથી. ઝાડને બાથ ભરીને ઊભેલો વ્યક્તિ એવું કહે કે ઝાડે તેને પકડી રાખ્યો છે, અને તે છૂટી શકતો નથી, પરંતુ હકીકતે તે પોતે જ ઝાડને પકડીને ઊભો હોય છે, અને ઝાડને ઘસાર છોડતો હોતો નથી. કાંઈક એવી જ રીતે આપણે વ્યસનના ગુલામ બની જઈએ છીએ અને ઘણાં પ્રયાસો કરવા છતાં ન છૂટે ત્યારે હાર માની લઈને આ પ્રકારના તર્કોના શરણે જઈએ છીએ. હકીકતમાં આપણી વચ્ચે જ ઘણાં બધા એવા લોકો હોય જ છે, જેમણે વર્ષો જૂની આદતો, વ્યસનો કે નશો કરવાની બીમારીને મક્કમતાપૂર્વક તિલાંજલિ આપી દીધી હોય. હવે તો એવા રિહેબિલિટેશન સેન્ટર્સ પણ ખુલ્યા છે, જ્યાં હાથમાં રગડીને તમાકુ મૂકવાથી લઈને ખતરનાક ડ્રગ્સના સેવન સુધીના વ્યસનોમાંથી છૂટકારો મેળવવાનો માર્ગ મળી શકે છે.

વ્યસનો માત્ર તમાકુ, શરાબ કે ડ્રગ્સના જ હોય તેવું નથી, કેટલાક એવા વ્યસનો પણ હોય છે, જે ખાવા-પીવાની ચીજોથી કે સુંઘવા અથવા ધૂમ્રપાનથી નહીં, પરંતુ કુટેવો, આદતો અને કુસંગતમાંથી ઉપજે છે અને આપણું જીવન બરબાદ કરી નાંખે છે.

એક કહેવત છે કે કાળિયા સાથે ઘોળિયો બાંધીએ, તેથી વાન ન આવે, પણ શાન તો આવી જ જાય, તેવી જ રીતે ઘણી વખત બુરી આદતોનો ભોગ બનેલા લોકો વિચિત્ર પ્રકારના વ્યસનોમાં ફસાઈ જતા હોય છે. કહેવત મુજબ 'કાળિયા સાથે ઘોળિયો બાંધીએ, તો વાન ન આવે એટલે કે બલેક કલરના બળદની સાથે વ્હાઈટ કલરનો બળદ બાંધીએ, તો કદાચ સફેદ બળદને કાળો રંગ ન લાગે, પરંતુ કાળા બળદ જેવી હરકતો તો કરવા જ લાગ્યો હોય', માનવજીવનમાં પણ એવું જ હોય છે અને સંગતની સારી-માઠી અસરો થતી જ હોય છે.

'આદત સે મજબૂર' એવો કટાક્ષ ઘણાં લોકો માટે થતો હોય છે. આ આદતો વ્યસનો સિવાયની પણ હોઈ શકે છે. દૃષ્ટાંત તરીકે જુગાર રમવાની આદત, સટ્ટો રમવાની આદત કે પછી અસુરક્ષિત સેક્સ માણવાની આદત...!

આ પ્રકારની બૂરી આદતો વ્યસનો જેટલી જ ખતરનાક હોય છે. જુગાર, શેર-શટ્ટો વગેરેના કારણે ઘણાં લોકોના ઘર બરબાદ થઈ જાય છે, કેટલાક નબળા મનોબળના લોકો આત્મહત્યા પણ આવા જ કારણે કરી લેતા હોય છે, અને ઘણી વખત આ કારણે જ વ્યાજખોરોની ચંગુલમાં ફસાઈને સપરિવાર પલાયન કે આત્મહત્યા કરવા મજબૂર બની જતા હોય છે. અસુરક્ષિત સેક્સની બૂરી આદત ધરાવતા લોકો એઈડ્ઝ જેવી જીવલેણ બીમારીનો ભોગ બનતા હોય છે અને ઘણી વખત પોતાના તથા પરિવારના આબરૂના ધજાગરા પણ ઊડતા હોય છે. આત્મહત્યાની સમસ્યાનું આ પણ એક કારણ છે.

વ્યસનો જીવનનો હિસ્સો પણ બની શકે છે, અને જીવનનો અંત પણ લાવી શકે છે. વ્યસનો મગજ (દિમાગ) ને તેજીથી ચલાવી પણ શકે છે, અને એટલી જ તેજીથી ડિમેશનની ભેટ પણ આપી શકે છે. વ્યસનોથી ક્ષણિક ઉત્તેજના, શક્તિ કે જુસ્સો મળી શકે છે, પરંતુ તે પછી લાંબા ગાળાની બીમારીઓ કે સતત નબળાઈની ભેટ પણ આપી શકે છે. વ્યસનોથી થતા રોગ એટલા ભયંકર હોય છે કે તે ઘણી વખત જીવતા વ્યક્તિને નર્ક જેવી પીડા આપીને મરવા મજબૂર કરી દેતા હોય છે. વ્યસનથી ફાયદો શૂન્ય છે, પરંતુ નુકસાન અગણિત છે. વ્યસનોની ફળશ્રુતિથી થતાં રોગોના ઉપચાર પાછળ ઘણી વખત જિંદગીભરની બચત ખર્ચાઈ જાય છે, તો જમીન-મકાન-સ્થાવર-જંગમ મિલકતો પણ વેચાઈ જાય છે, અને આ પ્રકારના દર્દથી પીડાતા પતિને બચાવવા અંતિમ ઉપાય તરીકે પોતાનું મંગલસૂત્ર વેચવા પણ પત્નીઓ મજબૂર થતી હોવાના દૃષ્ટાંતો પણ બનેલા છે, તેથી ક્ષણિક મજા આપતા વ્યસનો હકીકતે તો આપત્તિ અને આપણા પરિવારની હસી-ખુશી, સુખ-શાંતિ અને સંપત્તિની કબર ખોદવાના સાધનો જ ગણાય, ખરૂ ને ?

તો ચાલો, સંકલ્પ કરીએ કે વર્ષ ૨૦૨૪ માં મક્કમ બનીને વ્યસન, બુરી આદતોને તિલાંજલિ આપીને દેખાડી દઈશું કે અમે કમજોર નથી!

વિનોદ કોટેચા

મન હોય તો માળવે જવાય

વ્યસનો દર વર્ષે લાખો જિંદગી ભરખી જાય છે

ભારતમાં દર વર્ષે ૯ થી ૧૦ લાખ લોકો તમાકુ અને તેનાથી મિશ્રિત પદાર્થોનું સવન કરવાથી મૃત્યુ પામે છે. તમાકુનું સેવન અલગ અલગ રીતે થાય છે. હાથની હથેળીમાં ચુના સાથે તમાકુની પાંદડીઓને મસળીને દાંત વચ્ચે મૂકવાનું વ્યસન, પાન-મસાલા-સોપારી સાથે મિશ્રણ કરીને, ગુટખાના સ્વરૂપમાં અને બજર (છીંકણી) દાંતમાં ઘસીને તમાકુનું સેવન થાય છે. ધૂમ્રપાનના પણ વિવિધ સ્વરૂપો છે. બીડી, સિગારેટ, ચલમ, હોકો, સિગાર વગેરે દ્વારા તમાકુનું ધૂમ્રપાનના સ્વરૂપમાં સેવન થતું હોય છે.

વીસમી સદીમાં તમાકુએ દુનિયામાં લગભગ દસ કરોડ લોકોના જીવ લીધા હતાં, અને હાલમાં વિશ્વમાં દર વર્ષે લગભગ ૮૪ લાખ લોકોના મૃત્યુ તમાકુના સેવનથી થતા રોગોના કારણે થતું હોવાનું કહેવાય છે. એક અભિપ્રાય મુજબ તમાકુ બંધ કરી દીધા પછી પણ તેના કારણે કેન્સર થવાની શક્યતાઓ લાંબા સમય સુધી રહેતી હોય છે, તેથી તમાકુ છોડી દીધાના કેટલાક વર્ષ પછી કેન્સર થાય, તો એવું કહી ન શકાય કે તમાકુનું સવન કરતા હતાં, ત્યાં સુધી કાંઈ ન થયું અને તમાકુ છોડ્યા પછી કેન્સર થઈ ગયું!

એક અન્ય આંકડા મુજબ વિશ્વમાં માત્ર તમાકુના વિવિધ પ્રકારના સેવનના કારણે દર વર્ષે ૮૦ લાખ લોકો મૃત્યુ પામે છે, અને ધૂમ્રપાનના કારણે થતા મૃત્યુ ઉપરાંત કેટલાક લોકો તો માત્ર ધૂમ્રપાન કરનારા લોકોના સતત સંપર્કમાં રહેતા હોવાથી પણ જવ ગુમાવતા હોય છે, કારણ કે ધૂમ્રપાન કરનાર વ્યક્તિ દ્વારા છોડવામાં આવતો ધૂમાડો સતત સાથે રહેતા વ્યક્તિના શ્વાસમાં પણ જાય છે.

હમણાંથી નિઃસંતાન દંપતીઓની સારવાર કે પરીક્ષણ દરમિયાન એવું બહાર આવ્યું છે કે, તમાકુનું વ્યસન, ડ્રગ્સનું સેવન, શરાબની આદત કે અસુરક્ષિત માસંઠારના કારણે સેક્સની તકલીફ થતી હોય છે અને તેના કારણે સંતાન પ્રાપ્તિ થવામાં અવરોધ આવે છે, તેથી આ પ્રકારનું વ્યસન તત્કાળ છોડી દેવાની સલાહ આપવામાં આવતી હોય છે, અને સંતાન પ્રાપ્તિ માટે ઘણાં લોકો વ્યસનો છોડી દે, તેના થોડા વર્ષોમાં સંતાનપ્રાપ્તિ થતી પણ હોય છે.

એનસીઆરબીના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૧૮ દરમિયાન દેશમાં ઝેરી શરાબ પીવાથી દર વર્ષે દોઢેક હજાર લોકોના જીવ જાય છે, જ્યારે શરાબનું વ્યસન પણ દર વર્ષે સંખ્યાબંધ લોકોના મૃત્યુનું કારણ બને છે. ડ્રગ્સનું સેવન પણ વિશ્વમાં લાખો લોકોના મૃત્યુનું કારણ બને છે. આથી દરેક પ્રકારનું વ્યસન હાનિકર્તા, જીવલેણ અને આર્થિક, શારીરિક, માનસિક-સામાજિક અને પારિવારિક રીતે બરબાદ કરનારૂ હોવાથી તેને મક્કમ થઈને તિલાંજલિ આપવામાં જ આપણી ભલાઈ હોય છે.

આપણને થાય કે માણસ આટલી હદે સંતોષી કેવી રીતે હોઈ શકે? કોઈ આટલું બધું જતું કેમ કરી શકે?

એક નિત્ય ક્રમ બની ગયો હતો કે દર મહિને એક શનિ રવિ "આનંદ ઉત્સવ" વૃદ્ધાશ્રમમાં વડીલો સાથે ગાળવાના એમને મોજ મજા કરાવવાની અને આપણે કરવાની. જોકે આ વખતે એવું થયું કે પારિવારિક સંજોગો અને વિદેશ યાત્રાના કારણે લગભગ એક વર્ષ જેવું થઇ ગયું મુલાકાત લીધી નહોતી. એટલે આજે જ્યારે ત્યાં જવાનું થયું એટલે કેટલાય વિચાર આવ્યા મને એમ થયું કે પ્રભા માસી મને જોઈને તાડુકશે કે "પીટિયા મારા છોયા અમનું વરહ ક્યાં હતો? મેં કીધું હતું કે હવે દર મહિને એક શનિ રવિ નહિ દર મહિને એકાંતરા શનિ રવિ અહીં આવવાનું એને બદલે પીટ્યો એક વરહે દેખાણો , ક્યાં ગ્યો તો?" અને એવું જ થયું જેવો દાખલ થયો અને આગળ બેઠેલા પ્રભા માસી તાડુક્યા "લાઈવો મારો સોયો, આવ આવ " અને પછી બાકી બધું એમને જે બોલવાનું હતું ઈ હું બોલી ગયો એટલે બોળા મોઢે હાસ્ય અને કહે "પિટીયા તને ખબર હતી અવું કહેશે તો કહી દે ક્યાં હતો?" મેં એક આજ્ઞાકિત બળકની જેમ બધું સમજાવ્યું અને એમણે મારા વાંસે હાથ ફેરવી કીધું " કઈ નહિ,આવી ગયો ને? પરદેશમાં દીકરી મજામાં છે જોતી રાજી થઇ. પણ તારા વગર મને તો શું કોઈને મજા નો આવે એમાં અમારો આ રસોડે રઘુ આઈવો અને એણે તારી વાતું સાંભળી એટલે એણે પૂછ્યું કે કોણ છે આ ભઈ? અમે એનેય ઘરવ થાશે." મેં કહ્યું કે આ રઘુ કોણ છે? અને એણ પાછે રસોડે? પ્રભા માસી કહે હા તું ગ્યો એના પછી ઈ આઈવો, બચાડો બહુ દુખી હતો, બધું છોડીને આવી ગયો, હું તો ભગવાનને પ્રાર્થના કરું કે કોઈ સાથે આવું નો કરતા, અને હવે સુખેથી આ રઘને રહેવા દેજો,અને એમ કરી એમણે કીધું કે રસોડે રહ્યો હોય તો એને કહે ને મારો રહા નો સમય થઇ ગયો છે અને આ સુમા માટેય બનાવે, અને એને મળવાની ઈચ્છા હતીને? તો આવે કોકની હારે રહા મોકલીને." મારું નામ સુમન પણ આ માસી મને સુમો જ કહે છે.

થોડી વારમાં મારી અને પ્રભામાસીની રહા આવી અને પાછળ એક ભાઈ આવ્યા, મને જોઈને એમ લાગ્યું કે આને ક્યાંક જોયા છે. ચહેરો એ લાગે છે પણ એ આટલા સ્વસ્થ મસ્ત નહોતા શરીર પણ થોડું દુબળું હતું. પારદીની હોટલમાં આવા ભાઈ હતા. પણ આ થોડા શરીરે વજનદાર છે, એ આપીને નમસ્તે કહી ઉભા રહ્યા અને કહે કે બા તમારી બહુ વાતો કરે. અહીંના કારભારી વસંત મામા પણ કહે કે ઈ સોમાભાઈ મારા જુના ભાઈબંધ, (એય મને સુમન નહિ સોમા ભાઈ કહે., મને કોઈ ફ્રક્ક ના પડે. હું તો બધાનો પ્રેમ ખોઉં.) મેં આમ જ પૂછ્યું કે તમે પારદીની હોટલમાં હતા? એટલે હળવું સ્મિત આપીને કહે કે "હા સાહેબ, મેં મારી જિંદગી પારદી શેઠ સાથે કાઢી, એમાંથી રહા ની રેકડી કરી અને છે લે મોટી હોટલ કરી એ પછી એ ગુજરી ગયા અને એમના બેય દીકરાએ હોટલ સંભાળી ત્યાં સુધી હું ત્યાં હતો. પારદી શેઠ માંદા પડયા એટલે તરત જ ,મને ઘણા બધા પૈસા આપ્યા ,એટલા પૈસા મેં જીવનમાં પહેલી વાર એક સાથે જોયા. એમણે કહ્યું કે મારા ભાઈબંધ, તારા પિતાએ તને મારે ત્યાં મુક્યો ત્યારથી અત્યાર સુધી તારા માટે તારા પગારમાંથી હું બચાવતો હતો ઈ બધી મુડી અને ઉપરથી તારી આટલી વરસની નોકરી પેટે અહીં મોટી કંપનીયુ માં ગ્રેચ્યુટી કહે છે ને એવું આપ્યા જીવનનું , એમ કહી આપ્યા હતા. પણ નોકરી ચાલુ, હા એમને અંદેશો થયો હશે કે છોકરોઈ કાંઈ આપશે નહિ અને અને કાઢી મુકશે, અને એવું જ થયું, શેઠ ગયા અને બેય દીકરાઓએ હોટલ ઊંચા દરજ્જાની બનાવવા અમને કાઢી બધું નવું કર્યું પૂરો સ્ટાફ પણ." મને મનમાં થયું કે આખી જુંદગી આ માણસ પરિવાર માટે જીવ્યો, એના શોખ ઈચ્છા કાંઈ નહિ. માં અને ત્રણ બહેનો એમને જોતું, ગમતું બધું જ આપવાનું. પોતે તો સવારથી રાત મજૂરી. મેં પૂછ્યું કે તું અહીં કેવી રીતે? તો મને કહે ત્રણેય બહેનોને ભણાવી પરણાવી દીધી, નાની અને બનેવી અમારા ઘરમાં જ રહેતા હું તો સવારથી રાત નોકરીએ, બહેન બનેવીએ મકાન પચાવી પાડયું, વેચી માર્યું આ આનંદ ઉત્સવના વસંતમામા પારદી શેઠને મળવા આવતા ,શેઠ અહીં દાન આપતા એટલે મને પરિચય, મને જે પૈસા શેઠે આપ્યા હતા એ બધા મેં વસંત મામા ને આપી દીધા અને કહ્યું કે મને અહીં રાખો રસોડું સાંભળીશ. એમને મારી બધી ખબર એટલે અહીં રહી ગયો.

આ રઘુની વિગતે વાત કરીએ તો. જમનાલાલનો નાનો દીકરો. જમનાલાલ અને પારદી શેઠ આમ ભાઈબંધ બેય નવા બંધાતા મકાનના ચોકીદાર હતા. એક જ બિલ્ડર શેઠને ત્યાં કામ કરે. એમાંથી પારદીએ ચોકીદારી કરતા કરતા રહા ની નાની રેકડી કરી. જમનાલાલ ને ત્રણ દીકરીઓ હતી અને ચોથો દીકરો આવ્યો પછી આનંદ થયો , પણ થયું એવું કે આ રઘુ દસ વરસનો થયો અને જમનાલાલ પર કન્સ્ટ્રકશન સાઈટ પર દીવાલ પડી હાથ પગ ઘવાયા અને ખ્યાલ આવી ગયો કે હવે જીવન પૂરું. એણે મિત્ર પારદીને કહ્યું કે ભાઈ હવે આપણા અંજળ પાણી પૂરા તું મારા રઘને સાચવી લે તો રઘો એની ત્રણ બહેનો અને અપંગ માં ને સાચવી લેશે બસ, અને થોડા જ સમયમાં રઘના પિતાએ દેહ છોડી દીધો , બધી વિધિ પતિ ગઈ પછી રઘાએ ભણવાનું મૂકી દીધું અને કમાવા માંડ્યો , રઘુ બહુ જ સમજદાર હતો. એ નાનપણમાં જ બહુ સમજદાર થઈ ગયો હતો. એ સૌથી નાનો તેમ છતાં મોટો હોય એમ કહી દીધું કે તમે માત્ર ભણવામાં આપો. હું મહેનત કરી ઘરનું ,માં નું અને તમારા ત્રણેયના કપડા, શોખ જરૂરિયાતો અને ભણવાના ખર્ચા જેટલું કામાયે લઈશ. તમે ત્રણેય કેક બનો. લાગવીને ભણો. બહેનો રસોઈ કરી જમી અને ભાઈ - માં માટે ઢાંકીને જાય. બપોરે એક વાગે રઘુ આવે ,પહેલા જમવાનું ગરમ કરી માં જમાડે. એની માં કન્સ્ટ્રકશન કંપનીના બાંધકામ સાઈટ પર જ મજૂરી કરતી એમાં એક મશીનમાં હાથ આવી ગયા અને બન્ને હાથ ગુમાવવા પડયા, ત્યારથી કોઈ કામ ન કરી શકે. એટલે રઘુ ધ્યાન રાખતો. એના પિતા હતા ત્યારે પણ એ કરતો હતો. અને હવે એ જમવા આવે એટલે પહેલા એની માં ને જમાડે પછી પોતે જમે. આ નિયમ હતો , રાત્રે પણ એ દસ વાગે રેકડી બંધ ત્યારે આવે અને જો માં ને જમવાનું બાકી હોય તો પહેલા જમાડે અને પછી પોતે જમે, ઘણીવાર માં ને બહુ ભૂખ લાગી હોય તો નાની દીકરી જમાડી દે. રાત્રે ત્રણેય બહેનોને કાંઈ જોતું કરતું હોય, ફી ભરવાની હોય, બીજા કોઈ પૈસા ભરવાના હોય તો એ પૂછી લે. આપવાના હોય તો પૈસા આપી દે. પછી સૂઈ જાય. કોઈ બહેનને કાંઈ લાવવાનું હોય તો એ ખરીદી આવે અને જમવા આવે ત્યારે ઘેર મુકતો જાય અને કહે કે આ સ્ટન ને જોતું હતું એ છે, એને આપી દેજો. એ બહુ જ સાચવતો. રઘુ પોતે બે જ જોડ કપડામાં ચલાવતો, એ કહેતો કે મારે ક્યાં ક્યાંય બહાર જવાનું હોય છે? રહા રઘુ જ બનાવતો અને એટલી સરસ બાણાવતો કે લોકો દૂરદૂરથી પીવા આવતા એ રેકડીનું નામ પારદી શેઠે "પારદી બેઠક" રાખેલું. લોકો મળવાનું ઠેકાણું "પારદી બેઠકે મળીયે" એમ કહેતા હવે ધીરે ધીરે રઘુના જ કહેવાથી સાથે ગરમ નાસ્તો બનાવવાનું શરૂ કર્યું, સવારે ગરમ ગોટા કે ભજીયા કે કોઈ પણ એક વસ્તુ બનતી. એમ કરતા કરતા પારદી શેઠે ત્યાં પાછળ કોમ્પ્લેક્ષ બનવું હતું એમાં ત્રણ શોપ રાખી હોટલ કરી, પહેલા એક શોપમાં શરૂ કરી, ધીરે ધીરે ગ્રાહકો વધવા માંડયાં એટલે બીજી શોપ જોઈન્ટ કરી થોડી મોટી કરી અને પછી તો " પારદી બેઠક" પ્રખ્યાત થઇ ગઈ. આધતન રેસ્ટોરન્ટ થઇ ગઈ. પારદી શેઠ કહેતા કે રઘુ આ બધું તારા કારણે થયું છે , તું લોકોને પ્રેમથી આવકારે , સારામાં સારી રહા પછી નાસ્તો.અને લોકો વધુ આવતા થયા. કહેવાય પારદી શેઠની બેઠક પણ લોકો રઘુની રહા પીવા આવે. ત્યારે રઘુ કહેતો કે "શેઠ મશ્કરી ના કરો,આ બધું તમારા ઉદાર સ્વભાવને કારણે છે. શેઠ કહેતા કે ના પહેલા તું. તું કેટલો સંતોષી જીવ છે? તું જોડાયો ત્યાર પછીથી આ "પારદી બેઠક " ક્યાંની ક્યાં પહોંચી ગઈ, તે કોઈ દિવસ પૈસા પગાર વધારવાની કરી, એ મારે જોવું પડે. તારા કોઈ શોખ નથી, વ્યસન/આદત તો છે જ નહિ.

આ દરમ્યાન જ રઘુના માં ગુજરી ગયા, એ મનોમન હારી ગયેલા, એક તો હોય નહિ. રઘુને ખબર નહિ પણ બહેનો બહુ હેરાન કરતી, ગમે તેમ બોલતી. એણે કોઈ દિવસ રઘુને ફરિયાદ નહોતી કરી. એ મનોમન હોરાતી ગઈ અને એક દિવસ સવારે ઉઠી જ નહિ.રઘુ ભાંગી પડ્યો. બહેનો ને એટલી અસર નહિ. ભણવામાં બંદી હોંશિયાર, મોટી આઈએએસ બનવા તરફ હતી. એનાથી નાની ડોક્ટર બનવા તરફ હતી અને સૌથી નાની વકીલ થવા તરફ હતી. ધીરે ધીરે બહેનોના લગ્ન કર્યા, પહેલા વાચલીના કર્યા એક ડોક્ટરની જ સાથે. એ દરમ્યાન મોટી આઈએએસ થઇ ડાયરેક્ટર પદ તરફ પહોંચી. અને છેલ્લે વકીલ બહેને એક સાથે ભણતા મોટા વકીલના દીકરા સાથે પરણાવી દીધી.વકીલ બહેન થોડો સમય આ જ ઘરમાં રહેતી હતી. એકેય બ ઠેને ભાઈને એમ નહોતું પૂછ્યું કે ભાઈ તારી ઈચ્છા શું છે? તારે શું જોઈએ છે? તું લગ્ન ક્યારે કરીશ. કાંઈ જ નહિ , સૌથી નાનો હતો તોય નહિ. પછી એ ઘરમાં એકલો પડી ગયો. એ હવે બપોરે શુકરમ ઘેર આવે? એ સવારે આઠ વાગે જાય પછી રાત્રે દસ વાગે આવે."પારદી બેઠક"માં રહા , નાસ્તા બધું એ કરતો મારસો રાખ્યા હતા પણ તૈયાર એ કરતો. આમ ને આમ એનું ચાલતું હતું. પારદી શેઠને પોતાના બે દીકરાઓની ચિંતા નહોતી પણ રઘુની ચિંતા વધારે હતી. કારણ કે પારદી શેઠ રઘુને એકોતમાં રોતો જોયો છે. એ લગભગ જમતો હોય ત્યારે રોતો હોય, એ વખતે એને એની માં યાદ આવે, પછી સાંજે પિતા યાદ આવે ત્યારે રોતો હોય, એ જાણે કહેતો હોય કે "તમે કહ્યું એ મુજબ મેં બધી ફરજ નિભાવી પણ મને શું મળ્યું? એકોત? બધી બહેનોને એમને જે લાઈનમાં જવું હતું એ લાઈનમાં જવા દીધી, મેં બે જ જોડ કપડાં અને કે જોડ ચપ્પલમાં ચલાવ્યું અને એમને? જોઈએ તે. કોઈ દિવસ એમણે મને પૂછ્યું નથી "ભાઈ તારું શું?" ત્રણેયના લગ્ન સરસ કર્યા, હું રેડવો હોઈશ પણ બહેનો જરાય નહિ. આજે સાવ એકલો, બહેનો ક્યારે ક્યારે આવે? પણ વાંધો નહિ મને સંતોષ છે. છત્ર છે ,પહેરવા ઓઢવા છે અને બે ટંક રોટલો મળે છે, મારે કાંઈ ના જોઈએ બીજું."

પારદી શેઠની તબિયત નરમ ગરમ રહ્યા કરતી હતી. એક દિવસ રઘુએ કહ્યું કે શેઠ મોટા ડોક્ટરને બતાવો. શરીર પણ ઓગળવા માંડ્યું. એ જ લઇ ગયો ડોક્ટર પાસે, એ ડોક્ટરે રિપોર્ટ કરાવ્યા અને કાંઈ જ બોલ્યા વગર આંખમાં આંસુ સાથે એક ડોક્ટરને મળવા કહ્યું, ત્યાં ગયા પછી ખબર પડી કે એ કેન્સરના નિષ્ણાત છે. એમણે બધું જોઈ કહ્યું કે પારદી શેઠ બહુ મોડા પડયા તમને કેન્સર છે અને છેલ્લા સ્ટેજમાં છે. પારદી શેઠે કહ્યું કે "સમજી ગયો, મારે હવે ચાદર સંકેલી લેવાની છે." પેલા ડોક્ટર કાંઈ ના બોલ્યા. પારદી શેઠનો સ્વાભાવ એવો કે કોઈની આંખમાં આંસુ આવી જાય. રઘુ તો ધ્રુસકે ચડી ગયો. પારદી શેઠે શાંત રહેવા કહ્યું અને બીજા દિવસે એમણે રઘુને બેસાડી બધી વાત કરી અને ઘણા રૂપિયા આપ્યા, રોકડ અને બાકી એના ખાતામાં. રઘુ શેઠની સાથે રહેતો. ઘેર જતો જ નહિ. એમાં બહેનો આવી અમુક કાગળો પર સહી લઇ ગઈ, એમ કહીને કે મકાનનું કામ કરવાનું છે , પિતાજી જે બાકી મૂકી ગયા છે એ. આ પછી અઠવાડિયે શેઠ ઈશ્વર શરણ થઇ ગયા. એ બધું પતાવી ઘેર ગયો તો એ ઘરમાં બીજું કોઈ રહેતું હતું. એને ખબર પડી કે બહેનોએ ઘર એમનો નામે કરી વેચી નાખ્યું, નાની વકીલ હતી મોટી આઈએએસ. બધું પતી ગયું. એ બહેનો પાસે ગયો જ નહિ. એ સીધો વસંત મામા પાસે ગયો અને ત્યાં રહી ગયો.બસ એને મોજ છે. કોઈ વાતે અશાંત નથી. રહેવા સુવા ઓટલો છે, પહેરવા ઓઢવા કપડા છે અને પેટનો ખાડો ખાલી નથી રહેતો અને ઉપર છત છે. આપણને થાય કે માણસ આટલી હદે સંતોષી કેવી રીતે હોઈ શકે? કોઈ આટલું બધું જતું કેમ કરી શકે? રઘુ ખુશ છે. સાંભળ્યું છે કે "આનંદ ઉત્સવમાં એક અનાથ કન્યા આવી છે, વસંત મામા જ લાવ્ય